## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



કોકીલાબેન જયંતિલાલ પરીખ (૧૯૪૦)ફોન : ૨૩૨૩૦૧૦૦



નરસિંહભાઈ સનાભાઈ પરમાર (૧૯૪૭)

# ગુજરાત ગૌરવ દિનની ઉજવણી દાહોદ ખાતે કરાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતની યશસ્વી વિકાસયાત્રાના પથ ઉપર આગામી ગુજરાત ગૌરવ દિન તા.૧લી મે ૨૦૧૨ની રાજયકક્ષાની શાનદાર ઉજવણી આદિવાસી વિસ્તાર એવા દાહોદ જિલ્લામાં કરાશે.

ગુજરાત ગૌરવ દિનની રાજયકક્ષાની ઉજવણીના આયોજન અંગે મહેસૂલમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં પંચાયત મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલ, દાહોદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલા, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી મંગુભાઈ પટેલ, રાજયમંત્રી શ્રી જશવંતસિંહ ભાભોર, માર્ગ-મકાન રાજય મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર, મુખ્ય સચિવશ્રી એ.કે.જોતી અને પ્રભારી સચિવશ્રી ભાગ્યેશ જહા ઉપસ્તિથ રહયા હતા.

અધ્યક્ષ સ્થાનેથી મહેસૂલમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત ગૌરવ દિનની ઉજવણીમાં જનશકિતનો સાક્ષાત્કાર કરાવતા અને રાજયના વિરાટ વિકાસ કાર્યોની ઝાંખી કરાવતા અનેકવિધ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમો લોકભોગ્ય અને પરિણામલક્ષી બને તે અંગેના આયોજનની ઉપસ્થિત મંત્રીશ્રીઓ એ સમીક્ષા કરી હતી.

રાજયના આ ગૌરવદિનની ઉજવણીમાં જિલ્લા કક્ષાએ પણ જનભાગીદારી કેળવાય અને અંતરિયાળ અને આદિજાતિ વિસ્તારના પ્રજાજનો પણ ઉજવણીમાં સરળતા પૂર્વક સામેલ થઈ શકે તેવા હેતુથી આદિજાતિ વિસ્તારમાં યોજાઇ રહેલા આ કાર્યક્રમની વિગતો આપતા મંત્રીશ્રીઓએ જણાવ્યુંહતુંકે, ગૌરવ દિનની પૂર્વ સંધ્યાએ એટલે કે તા. ૩૦મી એપ્રિલના રોજ દાહોદ જિલ્લામાં સંધ્યા આરતી અને ઘંટનાદના કાર્યક્રમો યોજવામાં આવશે. કોમર્સ કોલેજ, દાહોદ ખાતે મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જે રાજ્યની કલા-સંસ્કૃતિ અને વિકાસગાથાની ભવ્યાતિભવ્ય રજુઆત કરશે. આ ઉપરાંત શસ્ત્રદળોના બેન્ડની સુરાવલી સાથે માર્ચપાસ્ટ પણ યોજાશે. સમગ્ર જિલ્લામાં સ્વચ્છતા ઝૂંબેશ યોજાશે. સાથે સાથે મહત્ત્વના સ્થળો પર રોશની અને સુશોભન કરાશે. આ ઉપરાંત રક્તદાન શિબિરો, બેટી બચાવો અભિયાન, કુપોષણ નિયંત્રણ યાત્રા, પશુ આરોગ્ય મેળા, અને પશુરોગ નિદાન કેમ્પ જેવા અનેકવિધ જનકલ્યાણકારી કાર્યક્રમો પણ યોજાશે. દાહોદ જિલ્લા કલેકટરશ્રીએ ગુજરાત ગૌરવ દિન ઉજવણી અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કરી વિસ્તૃત માહિતી આપી હતી. ગુજરાત ગૌરવદિનની આદિજાતિ વિસ્તારમાં થતી આ ઉજવણી ગુજરાતના ઈતિહાસમાં ચિર સ્મરણીય બની રહેશે તેવી અપેક્ષા મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. આ બેઠકમાં સંબંધિત વિભાગના મંત્રીશ્રીઓ તેમજ ઉચ્ચ સનદી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વધુ સક્ષમ બનાવવા હાકલ કરતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને અને ગુજરાત રાજ્ય ત્રીજા નાણાં પંચના અધ્યક્ષ શ્રી ભરતભાઈ ગરીવાલાની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે પંચના સભ્યશ્રીઓ અને આયોજન પ્રભાગના અધિકારીઓની એક બેઠક યોજવામાં આવી હતી.



બેઠકમાં સંબોધન કરતા અધ્યક્ષસ્થાનેથી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વધુ સક્ષમ બનાવી લોકોને વધુ સવલતો ઉપલબ્ધ કરાવી શકાય તેવા ઉમદા આશયથી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રીજા નાણાપંચના અધ્યક્ષશ્રી ગરીવાલાના આ માટેના પ્રયાસોને બિરદાવી શ્રી ચુડાસમાએ કહ્યું કે ગરીબ કલ્યાણ મેળા જેવા ઉત્કૃષ્ઠ કાર્યક્રમોના માધ્યમથી આપણે ગરીબોને સીધી સહાય પહોંચાડી શકીએ છીએ. આ વ્યવસ્થાને વધુ સુદઢ બનાવવા આગોતરા આયોજન અને ફોલોઅપ પર તેમણે ભાર મૂક્યો હતો.

રાજ્ય ત્રીજા નાણાં પંચના અધ્યક્ષ શ્રી ભરતભાઈ ગરીવાલાએ નાણાં પંચની રચનાનો ઉદેશ સમજાવી સમગ્ર રાષ્ટ્રમાં શ્રેષ્ઠ કહી શકાય તેવી ઉદાહરણરૂપ પ્રવૃત્તિ કરવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો. આયોજન પ્રભાગના નાયબ સચિવશ્રીએ અંદાજપત્રીય ફાળવણી અને પંચવર્ષીય યોજનાના કદમાં થયેલ ઉત્તરોત્તર વૃદ્ધિ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી અને આ અંગેના સૂચનો મેળવ્યા હતા. પ્રારંભમાં નાયબ સચિવ શ્રી એ. ડી. પટેલે બેઠકનો ઉદેશ રજૂ કરી સ્વાગત કર્યું હતું.

## પૂજ્ય કસ્તૂરબા ગાંધી અને સરદારસિંહ રાણાનાં તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ



ગુજરાત વિધાનસભાના મકાન વિઠ્ઠલભાઈ પટેલ ભવનમાં પ્રથમમાળે આવેલ પોડિયમમાં પૂજ્ય કસ્તુરબા ગાંધી અને સરદારસિંહ રાણાના તૈલચિત્ર મુકવામાં આવેલ છે. આજે પૂજ્ય કસ્તુરબા ગાંધી અને સરદારસિંહ રાણાના જન્મદિન નિમિત્તે વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવાએ તેઓશ્રીના તૈલચિત્ર સમક્ષ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે વિધાનસભા સચિવાલયના સચિવ શ્રી ડી. એમ. પટેલ સહિત કર્મચારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીની અને સ્વીડનના રાજદૂતની ઉપસ્થિતિમાં દ્વિપક્ષી સમજૂતીના કરાર

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં, આજે સ્વીડિશ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડેક્ષ્ટ-બી ગુજરાત સરકાર અને આઈ-ક્રિએટ (ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટર પ્રિનિયોર્સ એન્ડ ટેકનોલોજી) વચ્ચે મહત્વના સમજૂતિના કરાર સંપન્ન થયા હતા. ગુજરાત અને સ્વીડન વચ્ચે પારસ્પરિક આર્થિક, વાણીજ્ય-માનવસંસાધન વિકાસ સહિતના ક્ષેત્રોમાં સંબંધો વિકસાવવા સહયોગ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો.

સ્વીડનના ભારતસ્થિત રાજદૂત શ્રીયુત લાર્સ ઓલોફ લિન્ડગ્રેનની આગેવાનીમાં સ્વીડનનું બિઝનેસ ડેલિગેશન ગુજરાતના પ્રવાસે આવેલું છે અને આજે સ્વીડનના એમ્બેસેડરે વ્યકિતગત તથા બિઝનેસ ડેલિગેશનના સભ્યોએ મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મૂલાકાત લીધી હતી.

ગુજરાત અને સ્વીડન વચ્ચે પરસ્પર આર્થિક અને ઔદ્યોગિક વિકાસના નવાં ક્ષેત્રોની સંભાવના સંદર્ભમાં સ્વીડીશ ડેલીગેશનના ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સભ્યોએ સંવાદ કર્યો હતો.

ગુજરાતના વિકાસ-વિઝન અને પ્રગતિશીલ નીતિઓ તથા નેતૃત્વથી પ્રભાવિત થયેલા સ્વીડિશ ડેલીગેશને ગુજરાતમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, હાઈટેક એગ્રો બિઝનેસ અને ટેકનોલોજીમાં ભાગીદાર બનવાની તત્પરતા દાખવી હતી.

## જિલ્લા તંત્રી પરિષદે પત્રકાર પરના હુમલાની ઘટનાને વખોડી

ગાંધીનગર, તા.૧૧

સિનિયર પત્રકાર ગૌતમ પુરોહીત પર હીચકારો હુમલો કરવાની ઘટનાને ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદે વખોડી કાઢી છે.

જિલ્લા તંત્રી પરિષદે પરિષદના હોદ્દેદારો સર્વે શ્રી ભરત કવિ, રમેશ પટેલ, હીમાંશુ ભચેચ, લક્ષ્મણ પટેલ, ગૌરાંગ પંડયા તેમજ જીતેન્દ્ર સેજાણીએ ગૌતમભાઈ પર હુમલો કરનારા શખ્સોને ઝડપભેર પકડી પાડી કડક પોલીસ કાર્યવાહી હાથ ધરવા અનુરોધ કર્યો છે.

## મુખ્યમંત્રીને શીખ સમૂદાયની બૈશાખી પર્વની શુભેચ્છા

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતના શીખ સમૂદાયના પ્રતિનિધિમંડળે મળીને બૈશાખી પર્વની શુભેચ્છા પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પણ ઁબૈશાખીઁ પર્વની શીખ સમૂદાયોના પરિવારોને શુભકામના પાઠવી હતી.

## સમાચાર ઝલક

- વલસાડ જિલ્લામાં કેરીનો પાક ૫૦ ટકા થવાની દહેશત.
- અંકલેશ્વરમાં આગ : ૩૬ શ્રમજીવીઓ પાયમાલ.
- શામગહાન ત્રણ રસ્તા પાસે જીપ-ટેમ્પો અથડાતા ૧૩ને ઈજા.
- નવસારીમાં માછીવાડની સંરક્ષણ દીવાલમાં ગાબડાં : ભરતી સામે ગ્રામજનો ચિંતિત.
- નડીયાદ નજીક રઘવાણજનું ગરનાળું કડડભૂસ થતાં ૨૦ ગામનો વ્યવહાર ઠપ્પ.
- વડોદરાના સમા વિસ્તારમાં આચાર્યે લાતો-ફેંટો મારતા ધો-૭નો વિદ્યાર્થી બેભાન.
- તાજપુરામાં નારાયણ બાપુની ગુફામાંથી ચાંદીનું છત્ર ચોરાયું.
- વડોદરાના જુનીગઢી-યાકુતપુરા વિસ્તારમાં ગાયે રાહદારીઓને અડફેટે લેતાં એકનું મોત : ૧૦ ને ઈજા.
- રાજકોટમાં ગેરકાયદે ગેસ રીફીલીંગ કરતા શખ્સોને વિજિલન્સ સ્કવોર્ડે ઝડપી લીધા.
- વિસાવદર રેન્જમાં દસ દિવસમાં નવ દીપડા કેદ થયા.
- કેશણીમાં તળાવમાં ન્હાવા પડેલા બે બાળકો ડૂબ્યા.
- ડીસામાં ડાયમંડ કારીગરો હડતાળ પર ઉતર્યા.
- બટાકામાં બાજી સુધરી : સારા ભાવ મળતાં ૨૦૦ ટ્રક બટાકાની નિકાસ.
- શંખેશ્વરમાં બે છાત્રાને જીપે ફંગોળતા એકનું કરૂણ મોત.
- પાલારા જેલમાં કેદીઓ વચ્ચે મારામારી.
- ભાવનગરના રાજા વદરમાં રોગચાળાએ માથું ઉંચકયું : ડેન્ગ્યુના ભરડાની શંકા.
- મહુવા-પાલીતાણા ગ્રામ્ય પંથકમાં વીજ તંત્રના દરોડા : ૯૩ જોડાણોમાંથી ૭.૮૦ લાખની ગેરરિતી ઝડપાઈ.
- દક્ષિણ ગુજરાતના હરિયામાં ચેપીરોગ ગળસુંઢાને કારણે બે વાછરડાના મોત.
- વરતેજ ચોકડી પાસેથી અબોલ પશુ ભરેલી બે ટ્રકો ઝડપાઈ.


### કંપની સમાચાર

## ચાર્ટર્ડ કેબ્સ પ્રા. લિ. આપે છે મીટરયુકત કેબ્સ દ્વારા મુસાફરીનો વિકલ્પ

અદ્યતન, પારદર્શી હાઈટેક ટ્રાવેલ સમાધાન માટે ચાર્ટર્ડ કેબ્સ પ્રા. લિ. તૈયાર




છે, જે અમદાવાદીઓને અને અમદાવાદના મુલાકાતીઓને સેવા પૂરી પાડશે.

ચાર્ટર્ડ કેબ્સ ૨૪ ૮ ૭ રેડિઓ ટેક્ષી સેવા આપતી શ્રેષ્ઠ કટિબધ્ધતા અને પ્રોફેશનલ વલણ ધરાવતી કંપની છે, જે ટ્રાવેલર્સને લકઝરી સાથે શહેરભરમાં અહીંથી ત્યાં ફેરવે છે. અમદાવાદ અને ગાંધીનગર સ્થિત આ ચાર્ટર્ડ કેબ્સ પોતાના કાફલામાં ૧૮૦થી પણ વધુ સિડાન કાર ધરાવે છે. જે જીપીએસ સીસ્ટમ્સ, મોનીટરિંગ વેન્સ અને ઉચ્ચ કક્ષાના સલામતી પરિબળો સહિત અત્યાધુનિક ટેકનોલોજીથી સુસજ્જ છે. સંપૂર્ણ સલામત ડ્રાઈવિંગ સાથે આમ ચાર્ટર્ડ કેબ્સ પુરું પાડે છે. લકઝરીયસ ડ્રાઈવિંગ શ્રેષ્ઠ, પારદર્શી અને અદ્યતન મુસાફરી અહીં ઉપલબ્ધ છે. અમદાવાદ, ગાંધીનગરના નાગરિકો આ સેવા મેળવી શકે છે. અમદાવાદમાં પબ્લિક ટ્રાન્સપોર્ટના વિવિધ વિકલ્પ છે, જેમ કે, બીઆરટીએસ, એએમટીએસ, ઓટોરીક્ષા, વગેરે. પરંતુ મીટરયુકત કેબ્સ સેવા સૌપ્રથમ ચાર્ટર્ડ કેબ્સ પ્રા. લિ. દ્વારા પૂરી પાડવામાં આવી રહેલ છે. આમ, સેવા અમદાવાદીઓ અને અમદાવાદના મુલાકાતીઓને ઉપલબ્ધ થવા જઈ રહેલ છે. જેમને અત્યાધુનિક અને શ્રેષ્ઠ સલામતી પરિબળો સાથે વાસ્તવિક અને પારદર્શી એવી અત્યાધુનિક અને આગવી ટ્રાવેલ સુવિધા મળશે.

## ઉનાળામાં માણો સેરાઈની લકઝરી !

ગરમીનો પારો જ્યારે ઊંચે ઊંચે ચડી રહ્યો છે ત્યારે ઉનાળામાં 'પરફેકટ હોલિડે'નું આયોજન કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. પરફેકટ હોલિડે માટે આદર્શ સ્થળ એટલે ધ સેરાઈ, ચિકમગલુર અને કાબિની. લકઝરી અને શાંતિનું અભ્યારણ્ય એટલે સેરાઈ અને કાબિની. ઉનાળાને લક્ષમાં રાખીને વિશેષ સમર પેકેજો રજૂ કરવામાં આવ્યા છે.

ધ સેરાઈ, ચિકમગલુર ૭૦ એકરની સમૃદ્ધ કોફી એસ્ટેટ્સથી ઘેરાયેલું છે અને કુદરતી સમૃદ્ધિ પથરાયેલી જોવા મળે છે. ધ સેરાઈમાં ૨૯ ડિઝાઈનર વિલાઓ છે, જે તેમને વ્યસ્ત રાખે છે. ધ સેરાઈમાં ઓમા સ્પા છે અને તેની કાબિની પ્રોપર્ટીમાં પણ આવો સ્પા તૈયાર કરવામાં આવ્યો છે. ધ સેરાઈ દ્વારા તા. ૧૫ જૂન, ૨૦૧૨ સુધી અમલી બને તે રીતે પેકેજો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં વીક એન્ડ પેકેજોમાં વોટર ફ્રન્ટ વરન્ડાનો રૂા. ૨૮,૦૦૦ વોટરફ્રન્ટ વિલાનું રૂા. ૨૯,૮૦૦ અને રેસિડન્સનું રૂા. ૩૯,૨૫૦નું પેકેજ છે. આ ભાવ બે રાત્રિ અને ત્રણ દિવસના છે.

## મેથડેક્સ નવી બ્રાન્ડ ઓળખ સાથે ગ્રાહકાભિમુખતા પર ભાર આપે છે

બેન્કો, ઓફિસો અને વ્યાવસાયિક આસ્થાપનાઓ માટે ભારતની અગ્રણી વૈવિધ્યપૂર્ણ નિવારણોની કંપની મેથડેક્સ સિસ્ટમ્સ લિ. એ આજે તેના લોગો અને કલર્સની નવેસરથી ડિઝાઈન રજૂ કરીને નવી નક્કોર ઓળખની જાહેરાત કરી હતી. આ સાથે કંપનીએ કોર્પોરેટ શાસન, વ્યાવસાયિકતા અને શ્રેષ્ઠ વેપાર વ્યવહારોનાં ઉચ્ચ ધોરણો પર કેન્દ્રિત રહીને તેના ગ્રાહકો અને હિસ્સાધારકો પ્રત્યે કંપની નવપલ્લવિત અને કટિબધ્ધ થઈ રહી હોવાનો સંકેત આપ્યો છે. આ પરથી સિદ્ધ થાય છે કે મેથડેક્સની નવી અને અપગ્રેડ કરેલી પ્રોડકટ રેખાઓની શ્રેણી અને સચોટ ગ્રાહક કેન્દ્રિતતા એ તેની સેવા, સંતોષ અને ગુણવત્તા બાંયધરીનાં સર્વ પાસાંઓ આવરી લે છે. કંપની વૃદ્ધિ અને નવીનતાની મહત્વાકાંક્ષી યોજના પર ભાર આપી રહી છે. અને આગામી ત્રણ વર્ષમાં વેપાર બે ગણાથી વધુ વધવાની અપેક્ષા છે. આ વૃદ્ધિમાંથી બેન્કીંગ નિવારણો અને પ્રોજેકટો (વ્યાવસાયિક અને રિટેઈલ ટર્નકી)માં ઉચ્ચ સુસન્માનિત વેપાર ઓફર પ્રેરિત કરશે.


## શબ્દાવલી - ૪૬૯૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | |
| ૬ | | ■ | ૭ | | ૮ | | ■ |
| ૯ | | ■ | | ■ | ૧૦ | | ૧૧ |
| | ■ | ૧૨ | ■ | ૧૩ | | ■ | |
| ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ | |
| ■ | ૧૮ | | | | ■ | | ■ |
| ૧૯ | ■ | | ■ | ■ | ૨૦ | ■ | ૨૧ |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. કાગળ ઉપર મુકવાનું વજન (૫)
૫. અધિકાર (૨)
૬. ઉપગાડી, વધારાની બૉગી (૨)
૭. વાણિયો વેપારી (૪)
૯. કુટેવ, આદત (૨)
૧૦. 'ફરક' શબ્દ આડોઅવળો (૩)
૧૩. પુણ્યનું વિરોધી (૨)
૧૪. અંગારો (૩)
૧૬. હિન્દુ ધર્મની કલ્પિત માન્યતા મર્યા પછી....નદી પાર કરવી પડે (૪)
૧૮. સૈનિક, યોધ્ધો, (૪)
૨૨. પ્રભાત, સવાર (૩)
૨૩. ખૂબ હોવું તે (૪)

### ઊભી ચાવી

૧. ડીઝલ કે પેટ્રોલ ભરાવવા... પર જવું પડે (૫)
૨. ભૂત (૨)
૩. સમધન, પુત્ર કે પુત્રીના સાસુ (૩)
૪. ટણીને તિરસ્કારમાં.... કહેવાય (૨)
૫. એક શબ્દ પણ નહિ (૩)
૮. મન.... હરિ દરશન કો આજ (૪)
૧૧. જેવી.... તેવી ભરણી (૩)
૧૨. મહારાણા પ્રતાપની રાજધાની (૫)
૧૩. માતાજીનો ભગત (૩)
૧૫. શેવાળ, લીલી છારી (૨)
૧૭. પ્રણાલી (૨)
૧૯. સ્વીચ (૨)
૨૦. થૂવર, કાંઠાળી વનસ્પતિ (૨)
૨૧. સમય, વખત (૨)

### શબ્દાવલી ૪૬૯૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) અડીખમ (૪) બગાઈ (૬) ડોલ (૭) લમબત (૯) ડખો (૧૦) તલ્લનશીન (૧૪) લાગ (૧૫) અપક્ષ (૧૭) રતલામી (૧૯) વારતા (૨૦) પીટ

**ઊભી ચાવી :-** (૧) અડોઅડ (૨) ડિલ (૩) મરામત (૪) બરતન (૫) ઈલા (૮) બખ્તર (૧૧) શીલા (૧૨) નગરશેઠ (૧૩) સારક્ષતા (૧૫) અપવા (૧૬) અમીટ (૧૮) લાપી

## ગપસપ...

● બીજા પાનાનું ચાલુ

ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું ને ચા ને ન્યાય આપ્યા પછી 'વાહ...કયા ચાહ હૈ...' કહેતાં ઉમેર્યું : 'હવે આપો જવાબ..આજકાલ શેની મૌસમ ચાલે છે?'

એ સાથે જ ખૂણામાં ટીપોય પર પડેલા કાગળો ઉપર અમારી નજર ગઈ અને અમે કહ્યું : 'કહું કાકા...આજકાલ નગરમાં જે જુદી જુદી સંસ્થાઓ-ગાંધીનગર કલ્ચરલ ફોરમ ને શિવરંજની, કલાગુર્જરી કે થનગનાટ છે એ સાંસ્કૃતિક સંસ્થાઓના મેમ્બરશીપ રીન્યુઅલ ને રજીસ્ટ્રેશનની મોસમ પૂરબહારમાં ચાલે છે..'

'રાઈટ...પનુભાઈ, હવે તમે સાચો જવાબ આપ્યો. જોયું, મારી સાથે ચા પીવાનો પ્રતાપ...મગજ દોડવા માંડયું!' રેડ અંકલ અમારા ખભા પર જોરથી ધબ્બો મારતાં બોલ્યા.

'પનુભાઈ, હું આ જ કહેતો હતો...હમણાં સવારે જ, બાકી રહી જતું હોય એમ કોક નવી સંસ્થાનું ય ફોર્મ કુરિયરવાળો નાખી ગયો..એક તો ઉનાળાની કાળઝાળ ગરમી, પરીક્ષાના દિવસો, અનાજ અને મસાલા ભરવાની સીઝન..એટલે આમે ય બધાંને માથે ખર્ચાનો માર પડતો જ હોય એમાં બાકી હોય તેમ સાંસ્કૃતિક સંસ્થાઓની ઉઘરાણી ચાલુ થાય..શું કરવું? જાએ તો જાએ કહાં...સમજેગા કૌન યહાં...' લાલાકાકાએ તેમના સંવાદાંતે ફિલ્મીગીતની કડી લલકારી..

'યસ અંકલ. માર્ચ-એપ્રિલ મહિનામાં બધાનાં બજેટ ખોરવાઈ જાય, હોં! સામટા પૈસા કાઢવા કયાંથી?' અમે મૂંઝવણ વ્યકત કરી.

'પનુભાઈ, મને એક રસ્તો દેખાય છે...' દરેક દર્દની દવાના 'સોલ એજન્ટ' જેવા રેડ અંકલે કહ્યું.

'અચ્છા? શું રસ્તો છે તમારી પાસે આનો?' અમે પૂછયું.

'જુઓ, સરકાર જેમ કર્મચારીઓને 'ફૂડગ્રેઈન એડવાન્સ' આપે છે ને એમ તેમના સાંસ્કૃતિક વિકાસ અર્થે આ સીઝનમાં 'કલ્ચરલ એડવાન્સ' આપવાનું ગોઠવવું જોઈએ...લાલાકાકાએ ઉપાય સૂચવ્યો.

'હા..ને આપણી પાસે તો બીજો પણ અફલાતૂન આઈડિયા છે, હોં!'

'આઈડિયાની તો તમારે કયાં નવાઈ છે, અંકલ' અમારાથી દાઢમાં બોલાઈ ગયું-અલબત્ત મનમાં...ને પછી મોટેથી કહ્યું : 'કયો આઈડિયા?'

'મારો આઈડિયા અપનાવે તો બેંકો માટ તો બિઝનેશની જોરદાર તક છે...'

'એટલે અંકલ?'

'બેંકો હાઉસ લોન, વ્હીકલ લોન, એજયુકેશન લોન આપે છે એમ 'કલ્ચરલ લોન' લોન્ચ કરે તો આપણા જેવાને રાહત મળે ને બેંકોને કમાઈ થાય..કેવો છે મારો આઈડિયા?' રેડ અંકલે ફરી મારા ખભાને ઘાયલ કરતાં પૂછયું...

'ઓહ...તમારા ધબ્બા જેવો નહીં!!' અમે ખભો પંપાળતા કહ્યું : 'અંકલ, આ બધી સીઝન પતશે ત્યાં અથાણાંની સીઝન આવશે, ચોપડા-નોટબુકસ ને શાળા-કોલેજોમાં એડમિશનની સીઝન ખુલશે.. ને સાથે સાથે લગ્નસરામાં ચાંલ્લાની (ક)મૌસમ તો ખરી જ...'

'પનુભાઈ...સંસાર છે ચાલ્યા.. કરે' રેડ અંકલે ફિલોસોફરના અંદાજમાં બોલ્યા : 'દુનિયા મેં હમ આયે હૈં તો જીના હી પડેગા...હરેક સીઝન કા સામના કરના હી પડેગા..'

'હં...એ તો છે જ...પણ લાલાકાકા, આ બધામાં થોડી રાહત આપતા સમાચાર એ છે કે મે મહિનામાં શુભ મુહૂર્તો નથી એટલે મે માસમાં ચાંલ્લા વેરામાંથી મુકિત મળશે...બીજું શું..'

'રાઈટ..આ શુભ સમાચાર ઉપર પનુભાઈ, થઈ જાય એક એક કપ ચા..'

'ચોકકસ, અંકલ...પણ એ તમારા ઘરે જઈને આપણે પીશું, રાઈટ?'

'હેં? ના રોંગ!!'

## શ્રુતિ બંધનમ્

(પાના નં. ૪ નું ચાલુ)

અહીં તો પ્રતિકરૂપે વિહરતો એકાદ બે ઉદાહરણ છે. આથી અનેક ઘટનાઓ આપની સ્મૃતિમાં પણ જડાઈ હશે. આથી પણ વિશેષ આપની યાદોમાં ખજાનામાં છૂપાયેલું હશે.

જીવન જીવવાની સાથે સંબંધો - માનવ સંબંધો - પ્રેમ સંબંધો વચ્ચે જીવન છૂટું મૂકી દઈએ. લાગણીમાં તણાવાની મજા જ કંઈક ઑર હોય છે. પાણીના પ્રવાહમાં તણાયું કદાચ પીડાકર હોઈ શકે. પણ લાગણીમાં તણાવું એકમાત્ર રોમાંચકારી ઘટના છે. કયારે તેમાં અપવાદ પણ હોઈ શકે અને લાગણી તૂટતાં પીડા ઉપડે એવું પણ બને?! છતાં પણ પરવશ થઈને 'લાગણી', 'પ્રેમ' મેળવવો છે.

**સ્વીટ રેઇન :**

**'Naver breaks these Four things : Relation, Trust, Promise and Heart...! If they break they don't Make noise... but give lots of Pain.'**

- ચાલ્સ ડિકન્સ